તા. ૧/૭/૨૦૧૮ તથા તા. ૧/૧/૨૦૧૯ થી મોંઘવારી
ભથ્થાના દરમાં સુધારણા કરવા બાબત
(પાંચમા પગારપંચ સંદર્ભે)

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૦૫-જીઓઆઇ-૧૨-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૬/૮/૨૦૧૯

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૨૬/૭/૨૦૦૬ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૯૮-૨૭૦-ચ
(૨) નાણા વિભાગનો તા. ૧૮/૬/૨૦૧૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૭-જીઓઆઇ-૨-ચ
(૩) ભારત સરકારના ઓફીસ મેમોરેન્ડમ નં. ૧/૩/૨૦૦૮/ઇ.૨(બી) તા. ૧૧/૯/૨૦૧૮ અને તા. ૮/૩/૨૦૧૯

## // ઠરાવ //

આમુખમાં દર્શાવેલ સરકારી ઠરાવ અન્વયે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ હેઠળના પગાર ધોરણો મુજબના પગાર ઉપર છેલ્લે, સંદર્ભમાં દર્શાવેલ તા. ૧૮/૬/૨૦૧૮ ના સરકારી ઠરાવથી મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો મંજૂર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૧/૧/૨૦૦૬ ની અસરથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ લાગુ પાડવામાં આવતાં નવા પગારધોરણો ઉપર તા. ૧/૧/૨૦૦૬ થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના નવા દરો અને તે દરોમાં વખતોવખત વધારો મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ જે અધિકારી/કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ અનુસારના પગારધોરણો લાગુ પાડવામાં આવેલ નથી અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ હેઠળના પગારધોરણમાં પગાર મેળવે છે તેવા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન દરોમાં તા. ૧/૭/૨૦૧૮ તથા તા. ૧/૧/૨૦૧૯ થી સુધારણા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

અગાઉ નાણા વિભાગના તા. ૧૮/૬/૨૦૧૮ ના ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૭-જીઓઆઇ-૨-ચ થી કર્મચારીઓને તા. ૧/૧/૨૦૧૮ ની અસરથી ૨૭૪% મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક

દરમાં તા. ૧/૭/૨૦૧૮ તથા તા. ૧/૧/૨૦૧૯ થી નીચે મુજબ વધારો કરીને ચૂકવવાનું નક્કી કરેલ છે.

<u>મોંઘવારી ભથ્થાના માસિક દર</u>

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| તા. ૧/૭/૨૦૧૮ થી | મૂળ પગારના ૨૮૪ % |
| તા. ૧/૧/૨૦૧૯ થી | મૂળ પગારના ૨૯૫ % |

મોંઘવારી ભથ્થુ વળતરના અલગ ભાગ તરીકે જ ગણવામાં આવશે અને ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ- ૯(૫૩) ની વ્યાખ્યામાં આવતાં "પગાર" તરીકે તેને ગણવામાં આવશે નહીં.

મોંઘવારી ભથ્થાની ગણતરી (૨૭૪% થી ૨૮૪% અને ૨૮૪% થી ૨૯૫%) કર્મચારી/અધિકારીઓના મુળ પગાર + મોંઘવારી પગાર (Basic Pay + Dearness Pay) ઉપર કરવાની રહેશે.

મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

એન.પી.પી.એ. મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના હાલના કુલ ૨૧% (૧૦% + ૧૧%) વધારાનો લાભ તા. ૨૬/૭/૨૦૦૬ ના વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ ઉપરના ઠરાવના પારા-૪ માં કરાયેલ ગણત્રી મુજબ મળવાપાત્ર થશે. ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન લેતી બિન-સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે.

પ્રસ્તુત ઠરાવનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ વ્યક્તિઓને, કામ પૂરતા મહેકમના કર્મચારીઓને, તેમજ પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ, બોર્ડ-નિગમ, નગરપાલિકાઓ, અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓને અને બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોને તથા કર્મચારીઓને તેમજ સહાયક અનુદાન લેતી સંસ્થાઓને મળવાપાત્ર થશે. આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

આ હુકમો હેઠળ ચૂકવવા પાત્ર થતા મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે, પરંતુ પ્રસ્તુત ઠરાવનો લાભ આપવા માટે જે તે સંસ્થા/નગરપાલિકા/નિગમ વગેરેએ પોતાની નાણાકીય પરિસ્થિતિને ધ્યાને લઇ સ્વૈચ્છિક નિર્ણય લેવાનો રહેશે. આ વધારાના ખર્ચ માટે સરકાર દ્વારા કોઇપણ સંસ્થાને કોઇપણ રીતની વધારાની ગ્રાન્ટ આપવામાં આવશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ:-</u>

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઇ.), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
સિલેક્ટ ફાઇલ

- પત્ર દ્વારા